એક વાર ઉજવણી માટે મિત્રો ભેગા થયા હતા. ચર્ચા નીકળી કે 'દંપતી' એટલે શું? એક પુરુષમિત્રે કહ્યું કે 'જે સંબંધમાં પત્ની પતિને રાહતનો દમ ન લેવા દે તેને દંપતી કહેવાય.' બીજી જ ક્ષણે તેમની પત્નીએ કહ્યું, 'ના, હોં, જે સંબંધમાં પતિ હંમેશાં પોતાનો દમ બતાવતો રહેતો હોય તે દંપતી.' સૌ હસવા લાગ્યા. આ તો રમૂજની વાત હતી. આમ જુઓ તો 'દંપતી' એ એક ઉમદા શબ્દ છે, જેનું મૂળ સંસ્કૃતમાં રહેલું છે. બે શબ્દોના સંયોગથી તે બનેલો છે, 'દામ' અર્થાત્ ઘર/ગૃહ અને 'પતિ' એટલે માલિક/સ્વામી. અને એટલે 'દંપતી' શબ્દનો અર્થ થયો ઘરનું સંયુક્ત સ્વામિત્વ ધરાવતા પતિ-પત્નીનું યુગલ. જ્યારે 'દંપતી'માં 'ય' પ્રત્યય લગાવવામાં આવે એટલે બને દાંપત્ય. અને તેનો અર્થ વૈવાહિકજીવન કે લગ્નજીવન. બે અલગ-અલગ વ્યક્તિ એકસાથે રહી એકમેકને પૂરક જીવન જીવે તેમાં ઘણું સામર્થ્ય અને શક્તિઓ સમાયેલી હોય છે.

જોકે દાંપત્યની ભાષા અટપટી હોય છે. ક્યારેક પુછાયેલા પ્રશ્નોના જવાબ નથી મેળવવાના હોતા, તો ક્યારેક અપાયેલા જવાબ સામે પ્રશ્ન પૂછવાના નથી હોતા. ક્યારેક આંખોના ખૂણેથી છલકતાં સંવેદનો ઝડપી લઈ તે મસ્તકને એક ટટ્ટાર ખભો ધરવાનો હોય છે અને હા, ક્યારેક એ ખભાને કોઈના ખોળામાં ઢાળવાનો પણ હોય છે.

આમ તો તકરાર કરવા કોઈ એક જોઈએ,<br>
ને પ્રેમ પારાવાર કરવા એક કોઈ જોઈએ.

આપ કોઈના માટે પ્રાયોરિટી ટેબલમાં સૌથી ઉપર છો, તે હકીકત જીવનની સૌ વિષમ પરિસ્થિતિઓને પહોંચી વળવાનું સામર્થ્ય આપતી હોય છે.

તું જન્મેલી ઇચ્છા ને હું ઊગતો પ્રયાસ છું.<br>
એક વાત ખાસ મારી કે હું તારો ખાસ છું.

દાંપત્યજીવન સુખદુઃખની આંટીઘૂંટીમાંથી પસાર થતું હોય છે.

જાણે એક રોલર-કોસ્ટર રાઇડ જ સમજી લો. ક્યારેક ખૂબ ઊંચે તો ક્યારેક ઝડપથી નીચે જવું, ક્યારેક રોમાંચ તો ક્યારેક ડર. પણ એક વાત તો નક્કી, તે દરેક નવા વળાંકે એકમેકનો હાથ જોરથી પકડી રાખ્યો હોય, તે જ આગળના વળાંકમાંથી પસાર થવાની હિંમત આપે. અને છેવટે તે સફરના અંતે આંખોમાં પાણી હોય, તે મુસાફરીનાં સૌ જમા-ઉધાર પાસાંનું સરવૈયું.

દાંપત્ય એ આંસુને ઈંધણ બનાવી સંજોગોનો સામનો કરવાની અપાર શક્તિ કેળવવાનું માધ્યમ છે. એકમેકની નબળાઈઓ સ્વીકારી તે પાત્રનું સર્વસ્વ આવકારવાની ભાવના એટલે દાંપત્યનું સામર્થ્ય. દાંપત્ય એક દર્પણ પણ છે, જે આપણા પાર્ટનરમાં છુપાયેલી શક્તિઓને રૂબરૂ કરાવવાની અને તેમને ક્યારેક પોતાના ‘બેસ્ટ’ સ્વરૂપ સાથે ઓળખાણ કરાવવાની કળા પણ છે.

ઑફિસમાં મળેલી થોડી નવરાશની ક્ષણોમાં નાનો મૅસેજ કરવો કે શહેર બહાર પ્રવાસે જઈએ અને ડેસ્ટિનેશન પર પહોંચતાં જ સૌથી પહેલા તેને જાણ કરીએ કે પછી કોઈ ગમતો ક્રિકેટર સારું રમે તો તેનાં અભિનંદન પાર્ટનરને પાઠવીએ, તો ક્યારેક ફેસબુકનું આ રીલ તેને ખૂબ ગમશે તેમ વિચારી તરત ફૉર્વર્ડ કરીએ. આ બધી જ વાતો દાંપત્યને કોઈની જાણબહાર, આપોઆપ, મોટા પ્રયત્નો વગર સમૃદ્ધ બનાવતી હોય છે.

એક કહેવત છે કે બે હંસોની જોડી એ પક્ષીઓમાં સૌથી વધુ સમય એકસાથે વિતાવતી હોય છે. એક પક્ષીની વિદાય અને વિરહ બીજું સહન કરી શકતું નથી. ઘણાં આવાં વયસ્ક કપલ્સ જોયાં હશે કે એકની વિદાય પછી બીજાનો જીવનરસ આછો થઈ જાય, કારણ કે તેમણે પોતાનું જીવન-વન તેમના પાર્ટનર સિવાય કલ્પ્યું નથી હોતું. દાંપત્ય એ જીવન જીવવાનું ઈંધણ પૂરું પાડે છે અને શ્વસવા માટેનું કારણ પણ.

**– મૌલીન**

# હું તારો ખાસ છું

જો તું પરવાઝ છે,
તો હું બે પાંખ છું.

ને જો તું છે શમણું,
હું બીડેલી આંખ છું.

તું જે વિચારે છે,
એ જ હું વાત છું.

તું જો છે રમત,
હું જીત ને મ્હાત છું.

તું ખરતું ગુલમહોર,
હું ઝીલતો બાગ છું.

તું કેસૂડાનો રંગ છે,
હું ખીલતો ફાગ છું.

તું જન્મેલી ઇચ્છા ને,
હું ઊગતો પ્રયાસ છું.

તું જો છે જીવતર,
હું લેવાતો શ્વાસ છું.

એક વાત ખાસ મારી,
કે હું તારો ખાસ છું.

# એક કોઇ જોઇએ

આમ તો તકરાર કરવા, એક કોઈ જોઈએ,
પ્રેમ પારાવાર કરવા, એક કોઈ જોઈએ.

પાસ હો તો એ નડે છે, કામમાં ને કાજમાં,
દૂરથી દરકાર કરવા, એક કોઈ જોઈએ.

છો દલીલોના વિના હું માનતો સૌ વાતને,
વાત તે પુરવાર કરવા, એક કોઈ જોઈએ.

તેમની સાથે રમતમાં હાર તો હંમેશ હો,
મ્યાનમાં તલવાર કરવા, એક કોઈ જોઈએ.

હીંચકો ખાલી ઝૂલે છે આપણી એ યાદમાં,
ભૂલનો સ્વીકાર કરવા, એક કોઈ જોઈએ.

શું બનાવું હું જમણમાં એમ કોને પૂછવું?
ભાવતો કંસાર કરવા, એક કોઈ જોઈએ.

પોતપોતાની સફરમાં છો બધા ચાલ્યા ગયા,
ચાલતો સંસાર કરવા, એક કોઈ જોઈએ.

## એમ તારું મળવું મને

એમ તારું મળવું મને,
જાણે ફરી છળવું મને.

રાહ જોઈ પડી ખબર,
શું હોય ટળવળવું, મને.

પ્રેમબાજી એવી લાગી,
નહીં ફાવે રળવું મને.

વીતે ને વર્તાય નહીં,
એમ તારું કળવું મને.

ધીરે ધીરે ઊગ્યા બંને,
ગમતું નથી ઢળવું મને.

આ નિકટતા લાગે છે,
બાધાઓનું ફળવું મને.

ગમે તારામાં ભળવું મને,
આપ વ્હાલપ હળવું મને.